ગાંધીનગર સમાચાર
તા. ૮-૨-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ...અંતે માતૃસંસ્થામાં વિલય

આખરે ઝુઝારુ લડવૈયા લેઉઆ પાટીદાર નેતા ગોરધન ઝડફિયાને એમની અગાઉ મહાગુજરાત જનતા પાર્ટી નામે ઓળખાતી પાર્ટી જે કેશુભાઈ પટેલના સમાવેશ પછી 'જીપીપી' નામે ઓળખાતી હતી તે ગુજરાત પરિવર્તન પાર્ટીનો વીંટો વાળી દેવાનો દુઃખદ નિર્ણય લેવો પડ્યો છે. ગુજરાત 'પરિવર્તન' આણવાની લાયકાત એક માત્ર નરેન્દ્ર મોદી જ ધરાવે છે, તે થિયરી આડકતરી રીતે સાબિત થઈ ગઈ છે. કેશુભાઈ પટેલને ૧૯૯૫ તેમજ ૧૯૯૮ની વિધાસભાની ચૂંટણીમાં મળેલ જંગી બહુમતી પાછળ પણ વર્તમાન મુખ્યમંત્રીનું જ ભેજું કામ કરી રહ્યું હતું, એની પ્રતીતિ બીજા કોઈને હોય કે ન હોય પરંતુ ભારતીય જનતા પાર્ટીના ટોચના નેતાઓથી માંડી છેક છેવાડાના કાર્યકરને છે, એ વિશે શંકા રહેવા પામી નથી. કેશુભાઈ પટેલ પાર્ટીના સ્થાપક નેતા અને પાટીદારોમાં વગ ધરાવતા નેતા ખરા પરંતુ સંગઠન પર એમની પકડ માપસરની. ભાજપ મજબૂત સંગઠન માળખું ધરાવતી કેડર બેઝ્ડ પાર્ટી છે, જેનું પડદા પાછળથી સૂત્ર સંચાલન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કરતો રહે છે. આ સંઘનું પણ સર્વોચ્ચ નેતૃત્વ નાગપુરમાં વસે છે. નાગપુર સાથેના નરેન્દ્ર મોદીના સંબંધો સામે પૂર્વ મુખ્યમંત્રીની ગ્રામીણ લોકનેતાની ઈમેજ ટકી શકી નથી. ગઈ ચૂંટણીમાં કેશુબાપાએ એમની ઉંમર ઉપરવટનું જોર દાખવી 'પરિવર્તન' આણવા હાકલ કરી હતી પરંતુ એમને મળેલો પ્રજાકીય પ્રતિસાદ માંડ બે બેઠકોમાં સમેટાઈ જતાં એના ભાવિ વિશે અમંગળ આગાહીઓ થવા લાગી હતી. લાઠી-લીલિયાની બેઠક પર ચૂંટાયેલા પરિવર્તન પાર્ટીના સભ્ય તો શરૂથી જ ભાજપ સાથે ભળવાની પેરવીમાં પડેલા હતા. કેશુભાઈ પટેલને લેઉઆ પાટીદાર સમાજના વ્યાપક સમર્થનની આશા હતી તેનો કરુણ રકાસ થતાં એમણે પણ ઉંમર અને તબિયત જેવા બહાનાં હેઠળ નિષ્ક્રિય રહેવાનું પસંદ કર્યું હતું. આથી ઝુઝારુ ગોરધન ઝડફિયા અને એમના મહાગુજરાત જનતા પાર્ટીના વિશ્વાસુ સાથીઓ ભારે મૂંઝવણ અનુભવતા હતા. ઝડફિયા ભાજપ સરકારમાં રાજયકક્ષાના ગૃહમંત્રી પદે હતા ત્યારે થયેલાં ૨૦૦૨નાં બહુચર્ચિત રમખાણોમાં ખાસ્સા વગોવાયા હતા. પાછળથી એમણે નરેન્દ્ર મોદીની સરકારમાં જોડાવાનો ધરાર ઈનકાર કરીને મોદી સામે પડકાર ઊભો કર્યો હતો. આ પડકાર, બળવો, હાકલા-પડકારા-દેકારાનો છેવટે કરુણ રકાસ થયો છે.

# ગાંધીનગરના આંગણે તુરી-બારોટ કલાકારોનો સાંસ્કૃતિક મહોત્સવ યોજાયો

પાટનગર ગાંધીનગર ખાતે સંસ્કૃતિક કુંજ પરિસરમાં વસંતોત્સવ કાર્યક્રમના સમાપન બાદ બે દિવસ માટે રાજયના વિવિધ જિલ્લાના તૂરી - બારોટ કલાકારોના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તૂરી - બારોટ કલાકારોના મહોત્સવને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિના મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે દીપ -ાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ગામમાં ધબકતું આપણું ગ્રામજીવન રૂપકડું અને સજીવડું છે. ગુજરાતના અખંડ અને અતૂટ સંસ્કાર--વાહને અભિવૃધ્ધ કરવામાં તૂરી-બારોટ સમાજનો ઉલ્લેખ સહુ પહેલા કરવો પડે તેમ છે. સમગ્ર ગુજરાતમાં વસવાટ કરતા આ કલાજીવી સમાજે ગુર્જર ખંડના લોકજીવનની ફુલછાપને સદીઓથી મહેંકતી રાખી છે. ગાયન-વાદન-નર્તન અને ભાવનથી ધબકતી એવી ભવાઈને લોકકલાને સદીઓ સુધી જીવંત અને -વાહીત રાખવામાં તૂરી-બારોટ સમાજે સંસ્કાર-સજ્જ નાયક કોમની સાથે રહીને ખૂબ મોટુ કામ કર્યું છે. ગાંધીનગરના આંગણે ગુજરાતના ખૂણે ખૂણે વસેલા તૂરી બારોટ સમાજના કલોકારો દ્વારા વંશ પરંપરાગત નૃત્યકલા, લોકકલા, ભવાઈ જેવી વિવિધ લોકસંગીત નૃત્ય- કલાઓની એક જ મંચ પરથી સંસ્કૃતિકુંજ ગાંધીનગર ખાતે રજૂ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં રાવણ હથ્થો, આપણા મલકના માયાળુ માનવી, ચારે જુગની જોગમાયા શકિત ઉપાસનાનો વેશ, મેવડો નૃત્ય, બારોટ-ભજન-સૂફી, કચ્છી ઘોડી, નાદારી શામળાજીનો મેળો લોકનૃત્ય, રંગતની ઢોલની, મરચી નૃત્ય, મહિષાસુરનો વધ, વેરાડી ઝુલણા, હાથીનો વેશ અને સવાસો દીવડાની આરતી અને સનેડો જેવી અનેક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, જેને -ેક્ષકોએ તાલીઓના ગડગડાટથી વધાવી હતી.



આ કાર્યક્રમને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓના રાજય મંત્રી શ્રી નાનુભાઈ બી. વાનાણી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા, યુવક સેવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓના કમિશનર શ્રી કે.ડી.કાપડિયા સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો અને નાગરિકોએ મનભરી નિહાળ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તુરી-બારોટ કલાકાર શ્રી બાબુલ બારોટે કર્યુ હતું. કાર્યક્રમના અંતે આભાર વિધી બારોટ-તુરી સમાજ વતી શ્રી -શાંત કેદાર જાદવે કરી હતી.

# પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૭

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, -ાથમિક શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ -ાઙ્ગ થાય તે અત્યંત અનિવાર્ય છે. આ માટે રાજ્ય સરકારે સઘન આયોજન કરી સમયબદ્ધ પગલાં લીધાં છે જેના ઘણા સારા પરિણામો -ાઙ્ગ થયા છે.

આજે ગાંધીનગર ખાતે રાજયના જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારીઓ, શાસનાધિકારીઓ અને નગર -ાથમિક શિક્ષણ સમિતિઓના ચેરમેનશ્રીઓની સમીક્ષા બેઠકને સંબોધતાં શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્ય સરકારના સઘન -યાસોના કારણે -ાથમિક શિક્ષણમાં ૧૦૦ ટકા નામાંકન થયું છે અને ભૌતિક સુવિધાઓનો વ્યાપ -ાથમિક શાળાઓમાં ખૂબ જ સુદૃઢ બન્યો છે. ત્યારે સમગ્રતયા શિક્ષણની ગુણવત્તા સુધરે તે રાજ્ય સરકારની -ાથમિકતા રહી છે.

-ાથમિક શિક્ષણની ગુણવત્તા સુધરે તે માટે તમામ લોકો ખભેખભા મિલાવી કામ કરશે તો ચોક્કસ સારા પરિણામો મળશે. તેમણે જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારીઓ, સર્વશિક્ષા અભિયાન, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ વચ્ચે સંકલન સાધી કામ કરવા પર ભાર મુકયો હતો. આ બેઠકમાં -ાથમિક શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી સંગીતા સિંઘ, સર્વ શિક્ષા અભિયાનના નિયામક શ્રી મુકેશકુમાર, -ાથમિક શિક્ષણ નિયામક શ્રી આર. સી. રાવલ સહિત જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




આ ગાંધીનગર છે, ટ્રાફિક લાઈટ જોઇને રોડ ક્રોસ ન કરીશ, નાહકનો અંટાઈ જઇશ...!!

# ગેમી દ્વારા આગામી સત્રથી પર્યાવરણ મેનેજમેન્ટનો બે વર્ષનો કોર્સ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત પર્યાવરણ -બંધ સંસ્થા (ગેમી) અને ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના સહયોગથી આગામી સત્રથી પર્યાવરણ મેનેજમેન્ટનો બે વર્ષના સમયગાળાનો કોર્સ શરૂ કરવામાં આવશે, તેમ ગેમી દ્વારા જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર મુખ્ય સચિવ ડૉ. વરેશ સિંહાની અધ્યક્ષતામાં મળેલી ગેમીની ગર્વનીંગ કાઉન્સીલની બેઠકમાં આ કોર્સ શરૂ કરવા અંગે મંજૂરી મળી છે. ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ ડૉ. જે. એમ. વ્યાસની ઉપસ્થિતિમાં ગેમીના નિયામક ડૉ. સંજીવ ત્યાગી તેમજ જી. એફ. એસ. યુ. ના નિયામક -ો. વાય. કે. અગ્રવાલ વચ્ચે આ અંગે સમજૂતિ કરાર (એમ.ઓ.યુ.) કરવામાં આવ્યા છે.

પર્યાવરણ મેનેજમેન્ટનો બે વર્ષના સમયગાળાનો આ કોર્સ આગામી જૂન માસથી ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ખાતે શરૂ કરાશે. આ કોર્સ માટેની શૈક્ષણિક લાયકાત સ્નાતક કક્ષાના શુદ્ધ વિજ્ઞાનના અમુક ક્ષેત્ર ઉપરાંત એનવાયરોમેન્ટ સાયન્સ, બી.ઈ. એન્વાયરોમેન્ટ એન્જીનીયરીંગ, બી.ટેક.એન્વાયરોમેન્ટ તેમજ બી.ઈ. સીવીલ એન્જીનીયરીંગ રહેશે.

# ચૌધરી કોલેજમાં માનવ તસ્કરી અંગે રેલી અને સાંપ્રત નાટકમાં થતા ફેરફાર પર કાર્યક્રમ યોજાયા

ગાંધીનગર, તા. ૭

ચૌધરી મહિલા કોલેજ સે. ૭ ખાતે ગુજરાતી વિભાગ અને સપ્તધારા, નાટ્યધારા સંયુક્ત ઉપક્રમે નાટ્ય સ્વરૂપ વિષય પર કાર્યક્રમ અને રાઈટ ચોઈસ ક્લબના સહયોગથી 'માનવતસ્કરી' અંગે બેનર રેલી કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.



ચૌધરી કોલેજ અવાર-નવાર વિદ્યાર્થીઓના વિકાસ માટે કાર્યક્રમો યોજે છે. અને વિદ્યાર્થીનીઓને નવુ કરવા માટેની પ્રેરણા આપતી રહે છે. ત્યારે કોલેજમાં એમબીએ, એમસીએ અને બીસીએ કોલેજના અને રાઈટ ચોઈસ ક્લબના સહયોગથી 'માનવ તસ્કરી' અંગે બેનર રેલી કાઢવામાં આવી હતી.

માનવ તસ્કરીએ ખુબ જ મોટી સમસ્યા થઈ ગઈ છે જેના કારણે કોલેજ કેમ્પસમાં કોલેજની ૧૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ અવનવા બેનર હાથમાં લઈ રેલી કાઢવામાં આવી હતી. જેમાં બેનર પ્રદર્શિત કરનાર વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

તેમજ કોલેજમાં નાટ્ય સ્વરૂપ અને સાંપ્રત નાટકમાં થતા ફેરફાર અંગે જાણકારી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંજય ગોરડીયા અને કૌસ્તુભ ત્રિવેદીએ નાટકનો પ્રયોગ બતાવ્યો હતો. જેમાં નાટકોમાં વિવિધ ફેરફારો ઉપર સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ૩૫૦ વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી. પ્રિ. ડૉ. ઉર્મિલિબેન, ડૉ. લીનાબેન સહિત પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યકક્ષાના મંત્રીઓના કાર્યાલયનું નવું સરનામુ સ્વર્ણિમ સંકુલ-૨ બન્યું

સ્વર્ણિમ સંકુલ-૨નું ઉદ્ઘાટન કરીને ખુલ્લુ મુકવામાં આવતા રાજ્યકક્ષાના તમામ મંત્રીઓએ તેમના કાર્યાલયો નવા સંકુલમાં આજે શીફ્ટ કર્યા હતા. રૂપિયા ૯૦ કરોડના ખર્ચે નવ નિર્મિત કરવામાં આવેલ સ્વર્ણિમ સંકુલ-૨ નું ગઈ કાલે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં રાજ્યકક્ષાના મંત્રીઓને બેસવા માટે કાર્યાલયો ફાળવવામાં આવેલ છે.

સ્વર્ણિમ સંકુલ-૨માં મંત્રીઓને જગ્યાઓ ફાળવી દેવામાં આવતાં આજે નવા સચિવાલયના બ્લોક નં. ૨માં આવેલ રાજ્યકક્ષાના મંત્રીઓના કાર્યાલયમાંથી તમામ સામાન નવા સંકુલમાં લઈ જવામાં આવ્યો હતો. અને જૂની ચેમ્બરો ખાલી કરી દેવામાં આવતાં સચિવાલયના બ્લોક નં. ૨ ના ચાર માળ સંપૂર્ણ ખાલી થઈ જવા પામ્યા છે.

મંત્રીઓ આજે પ્રવાસમાં હોઈ તેમના સ્ટાફ દ્વારા આજે ઓફીસ નવા સંકુલમાં શીફ્ટ કરવામાં આવતાં મંત્રીઓના કાર્યાલયોમાં આજે કામગીરી ઠપ્પ થઈ જવા પામી હતી.

# આજે અમદાવાદમાં ધરતી રત્ન એવોર્ડ વિતરણ સમારોહ

ગાંધીનગર, તા. ૭

જીવનમાં માનવસેવાનો ભેખ લઈને બેઠેલા વ્યક્તિઓને સન્માનિત કરવા આશિર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ધરતી રત્ન એવોર્ડ ૨૦૧૨-૧૩ની જાહેરાત કરવામાં આવી છે. આ એવોર્ડ આવતીકાલે ૮મી ફેબ્રુઆરીએ સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલયમાં ગુજરાતના રાજ્યપાલ ડૉ. કમલાજીના હસ્તે અપાશે.

ધરતી રત્ન એવોર્ડ માટે કુલ ૧૧ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં અમદાવાદના ગોવિંદભાઈ એન. પટેલ, રાજકોટના પ્રફુલ્લકુમાર એન. વ્યાસ, ધરમપુરના ડૉ. દક્ષાબેન પટેલ, વીસનગરના ભરતકુમાર બી. પટેલ, અમદાવાદના ધર્મેશ ડી. પટેલ, ગં.સ્વ. ચંપાબેન ડી. પટેલ, મહેસાણાના ડૉ. ડી.એમ. દવે, અમદાવાદના ઉપેન્દ્રભાઈ એમ. પટેલ, દિનેશચંદ્ર એમ. પટેલ, જગુદણના સંજય ભાવસાર, તુલા પટેલ અને અમદાવાદના યોગેશભાઈ ડી. રાવલ અને અમરીશભાઈ જી. ત્રિપાઠીનો સમાવેશ થાય છે. આ સમારંભમાં ડૉ. એચ.એલ. ત્રિવેદીને સ્વારથ સેવાઓમાં શ્રેષ્ઠતા માટે રૂ. ૨૫૦૦૦નો પુરસ્કાર આપી સન્માનવામાં આવશે.

# સિદ્ધાર્થ લૉ કોલેજના વિદ્યાર્થી ઝળક્યા

ગાંધીનગર, તા. ૭

સિદ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ માણસા ખાતે આવેલી એસ.ડી. આર્ટસ કોલેજમાં ચાલતી સપ્તધારા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં સિદ્ધાર્થ લો કોલેજના દિનેશ માળીએ મીમીક્રીમાં પ્રથમ, વિણાબેન પરીખે, સંગીત ખુરશીમાં પ્રથમ અને રંગોળીમાં દ્વિતીય અને હરીશ પરમારે નિબંધ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

# જે દિવસે ભારતનાં યુવાનો પોતાના અતીતની કીર્તિગાથાઓને ભુલી જશે એ જ દિવસે એમની ઉન્નતિનો માર્ગ બંધ થઈ જશે : સરદાર પટેલ


## વિરલ વ્યક્તિત્વ - સરદાર પટેલ

### - યુવા તરવરાટ...

*- હાર્દિક જે. સોરઠીયા*

જે દેશ કે સમાજ પોતાના પ્રતાપી પૂર્વજોના પરાક્રમો અને પરિશ્રમને ભૂલી જાય છે. તેનો કદી વિકાસ થતો નથી. જેમણે દેશને અંધકાર યુગમાંથી બહાર લાવીને સ્વાતંત્ર્ય અપાવવા જાનફેસાની કરી છે તેમનો ગૌરવપ્રદ ઈતિહાસ નવી પેઢી માટે પ્રેરણારૂપ છે. ઈતિહાસ માત્ર ભૂતકાળ જ નથી. ભવિષ્યકાળની આગમચેતી પણ છે. એનો સરળ શબ્દાર્થ છે : ઈતિ- હ-હાસ = ઈતિહાસ. હા, 'આમ જ બન્યું હતું.'

ભારતની આઝાદી યાત્રાની ત્રિમૂર્તિ પૈકીનાં એક સરદાર વલ્લભભાઈ પટેલ, દેશની પ્રજાનાં હૃદયસિંહાસન પર રાજ કરી રહ્યા છે. પણ તેમના વિષે કેટલાક ગેરસમજણ ધરાવે છે અને કેટલાક ઈરાદાપૂર્વક અને તેમની પ્રતિભાને પડદા પાછળ ધકેલી દેવાનો અવિરત પ્રયાસ કર્યો છે. પણ પિતા ઝવેરભાઈ પટેલના પનોતા પુત્રમાં એટલું ઝવેરાત હતું કે, કેટલાક તેજોદવેષી લોકોએ તેમના વ્યક્તિત્વને ઈતિહાસના ઓવારે કાઢી નાખવાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો, છતાં તેમનું ઓજસ્વી વ્યક્તિત્વ ઢંકાયેલું રહ્યું નથી. પણ વિરાટ સ્વરૂપે ઉભરતું રહ્યું છે અને માતા લાડબાને લોકો લાડથી- પ્રેમ પૂર્વક આદરભાવથી યાદ કરતા રહે છે.



સરદાર પટેલે પોતાની હયાતી દરમિયાન અને આઝાદીની લડતમાં એવો નિર્ણાયક અને મહ્ત્વનો ભાગ ભજવ્યો છે અને સ્વતંત્રતા પછી પણ દેશનાં નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન તરીકે એવી ભૂમિકા ભજવી છે કે દેશની અખંડિતતા અને એકતાને ઈતિહાસકારો કદાપિ સરદારને અવગણી શકશે નહીં. સરદાર નિર્ભિક અને નિર્ણાયક, અડગ અને આખાબોલા, મક્કમઅને દૃઢમનોબળવાળા, લક્ષ્યવેધી અને દીર્ઘદૃષ્ટા, આદર્શ અને અટંકી, વફાદાર અને વ્યવહારુ, ત્યાગી અને તપસ્વી હતા. સાથે આઝાદીની લડતની ભવ્ય સિદ્ધિમાં ગુજરાતનાં આ પનોતા પુત્રનો ફાળો એટલો પાયાનો અને મહત્વનો હતો કે, મહાત્મા ગાંધીજીએ એમને સરદાર તરીકેસ્વીકાર્યા હતા. આવકાર્યા હતા.

સરદાર પટેલમાં સફળ સુકાની તરીકેના સર્વગુણો અસ્તિત્વમાં હોવા છતાં મોટાભાઈ વિઠ્ઠલભાઈ ખાતર પોતે બેરિસ્ટરીનો અભ્યાસ કરવા વિલાયત જવાનું બંધ રાખીને તેમને મોકલ્યાં હતા. આઝાદી મળ્યા બાદ સરદારમાં સર્વલાયકાત હોવા છતાં સ્વાતંત્ર્ય યજ્ઞના સહપાઠી પંડિત જવાહરલાલ નહેરુ ખાતર પોતે દેશના વડાપ્રધાન બનવાનો આગ્રહ રાખ્યો ન હતો અને પાટીદાર સમાજની ઉજ્જવળ પરંપરા અને ઉદારતા તેમજ સમસ્ત ગુજરાતની ગરિમાના સરદાર પ્રતિક બની શકયા હતા.

સરદાર પટેલ દેશના નાયબ વડાપ્રધાન હતા, ત્યારે જનરલ થોરાટે સરદારને પૂછ્યું, 'પક્ષમાં જે રીતે તમારું સ્થાન અને વર્ચસ્વ છે, તે જોતાં તમે સાવ સરળતાથી વડાપ્રધાન થઈ શકયા હોત, તમે શા માટે આવું ઉત્તમ સ્થાન પસંદ ના કર્યું?' સરદારે સહજ ભાવે ઉત્તર આપ્યો , 'તમારી વાત સાવ સાચી છે, પક્ષની પસંદગીમાં બહુમતી પણ મારી સાથે જ છે. પક્ષ મને વડાપ્રધાન પદે બેસાડવા આતુર હતો અને સરળતાથી હું આ પદ ઉપર આસાનીથી આરૂઢ થઈ શકયો હોત, પરંતુ પંડિત નહેરુ આ આઘાત કદી પણ સહન કરી શકત...? જવાહરલાલને કંઈ થઈજાય તો કુદરત મને પણ કદી જીવવા ન દે. અમારા બંનેના જો મૃત્યુ થઈ જાય તો આ નવપ્રાપ્ત સ્વતંત્ર દેશનો ખ્યાલ કોણ રાખે? હું એટલા માટે આ હોદ્દાની સ્પર્ધામાંથી ખસી ગયો હતો.'

આમ, સરદાર પટેલે વડાપ્રધાન પદ જેવું માન શા માટે ઠુકરાવી દીધું એની ભૂમિકા અને અસલી કારણ એક ઐતિહાસિક દસ્તાવેજના સ્વરૂપમાં જનરલ થોરાટ સાથેનાં આ સંવાદમાં પ્રગટ થઈ ગયું છે.

મહાત્મા ગાંધીજી પહેલાની સરકાર શુટેડ-બુટેડ લોકોની સરકાર હતી. આમ આદમીની સરકાર ન હતી. સરકાર શહેરી, શિક્ષિત અને ઠરાવ કરનાર લોકો જ હતા. ગ્રામ સમાજનાં, જન હૃદય સુધી પહોંચનારા અને તેના માટે સાચા દિલથી કામ કરનારા કાર્યકરો કે નેતૉત્વનો અભાવ હતો. પણ ગુજરાતનાં ગાંધીજીએ સરકારની આગેવાની લીધા બાદ અને સરદાર પટેલના પક્ષમાં પ્રવેશ બાદ પક્ષની કાયાપલટ થઈ ગઈ! ગાંધીજી પક્ષનાં સારથી બન્યા તો સરદાર પટેલ બાણાવાળી અર્જુન બન્યા! સરદારે પોતાની બેરિસ્ટરનો અંચળો ઉતારીને દેશનાં સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં ઝંપલાવ્યું હતું. ગાંધીજી પ્રત્યે સરદારની વફાદારી અને સમર્પણ બેનમુન રહ્યા હતા.

કોઈપણ દેશનેતામાં અપૂર્વ તાકાત હોય કે ફ્રજ્ઞા થવાની તમજ્ઞા કે ભાવના હોય એનાથી બધું કાર્ય સાધી શકાતું નથી. પરંતુ તેનામાં લોક હૃદયને સ્પર્શવાની અને લોકને પ્રેરવાની પણ શક્તિ હોવી જોઈએ. તેના વાણી અને વ્યવહારમાં અજબ જાદુ અને આકર્ષણ હોવા જોઈએ. એની કથની અને કરણીમાં ભેદ ન હોવા જોઈએ. શાણપણભરી રીતે સમસ્યાને ઉકેલવાની આવડત અને ત્રેવડ હોવી જોઈએ. જવાબદારી અદા કરી શકે એવા જવાબદાર નેતા-સરદારની જરૂર રહે છે. સદ્ભાગ્યે દેશને એવા સરદાર પટેલ મળ્યા. પણ દુર્ભાગ્ય તેઓ આપણા વચ્ચે ઝાઝું રહ્યા નહીં. અને જીવ્યા નહીં, જો તેમને વધુ ત્રણ વરસની જીવવાની તક મળી હોત તો ભારતવર્ષનું ચિત્ર અલગ પ્રકારનું હોત. એમાં શંકાને કોઈ સ્થાન નથી. સાથે વિશ્વ વંદનીય વિભૂતિને અમારી વંદના...